# તેલુની સળગતી સળી તે જ દીવો



## હિમાલયનાં વિરલ તીર્થો

ભાણદેવ

વિકટ પરિસ્થિતિમાં આપણી સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય છે. સવારના સાત વાગ્યાથી અમે કઠીન માર્ગ પર લગભગ એકધારા ચાલી રહ્યા છીએ. લગભગ ચૌદેક કલાકથી અમારી પદયાત્રા ચાલુ છે. ભૂખ પણ ખૂબ લાગી છે. તોયે કોઈ થાક કે ભૂખનું નામ પણ લેતું નથી. ઝડપભેર ચૂપચાપ આગળ અને આગળ ધપ્યા જઈએ છીએ.

અચાનક ઝાડીમાં દૂર-દૂર એક દીવો દેખાયો. દીવો એટલે માનવ- વસાહત - ગામ. થોડું ચાલ્યા ત્યાં કૂતરાનો અવાજ સંભળાયો. કૂતરાનો અવાજ એટલે માનવ–વસાહતની નિશાની. આખરે રાત્રિના અગિયાર વાગે અમે એક ઘરની સામે આવીને ઊભા રહ્યા. મકાન સાવ એકલવાયું લાગે છે. આજુબાજુમાં બીજાં કોઈ મકાનો દેખાતાં નથી. અમને નવાઈ લાગી. આવા ઘોર જંગલમાં સાવ એકલવાયું મકાન કોનું હશે? અમારી સામે કોઈ ગંધર્વનગરી તો ખડી નથી થઈ ને! મકાનમાંથી કોઈ બહાર આવે તો અમે કાંઈક જાણી શકીએ, પણ રાત્રે અગિયાર વાગ્યે બહાર નીકળે કોણ? અમે ખૂબ બૂમો પાડી. મકાનમાલિકનો કૂતરો જોરજોરથી ભસવા લાગ્યો. અમારી બૂમોથી કે કૂતરાના ભસવાથી, તે ખબર નથી, પણ મકાનમાલિક જાગ્યા અને બહાર આવ્યા. સાથે તેમની નાની દીકરી પણ બહાર આવી છે. એ બાળાના હાથમાં એક સળગતી સળી હતી. આ સળગતી સળી દીવાની જેમ પ્રકાશ આપતી હતી. બાળાના બીજા હાથમાં બીજી પંદરેક સળીઓ હતી. એક સળી પૂરી થાય એટલે તેના અનુસંધાનમાં બીજી સળી પેટાવવામાં આવે અને એમ પ્રકાશ અખંડ રહે. આ સળીઓ તે જ તેમનો દીવો. અહીં હજી કેરોસીન પહોંચ્યું નથી. હિમાલયમાં તેલુ નામનું એક ઝાડ થાય છે. આ ઝાડમાં તૈલી પદાર્થ પુષ્કળ પ્રમાણમાં હોય છે. આ ઝાડના લાકડાની નાની પાતળી સળીઓ બનાવીને ઘરમાં રાખે છે. આ તેલુની સળગતી સળી તે જ તેમનો દીવો છે. એક રીતે આ તેલુની નાનકડી સળગતી સળી તે મશાલ જ છે, નાનકડી મશાલ! ઘરના માલિક સજ્જન પુરુષ ઘરની બહાર આવ્યા ત્યારે તેમની પુત્રી તેમની મશાલચી તરીકે બહાર આવી હતી તે અમે સમજી ગયા.

અમે તેમને સમજાવ્યું કે અમે યાત્રીઓ છીએ. મલાનાથી આવીએ છીએ અને આવતી કાલે મનાલી જવું છે. અમારે આજની રાત રોકાવું છે. અમને નિવાસ માટે કોઈ સ્થાન મળી શકશે? તે ભલા માણસે અમને સમજાવ્યું કે થોડા આગળ ચાલશો એટલે ગામ આવશે. ત્યાં નિવાસની વ્યવસ્થા થઈ રહેશે. તેમનું મકાન ગામથી થોડું અલાયદું છે પણ ગામ હવે બહુ દૂર નથી. અમે તેમનો આભાર માની આગળ ચાલ્યા. ગામ સાવ નજીક જ હતું. ગીચ જંગલ અને અંધારી રાતને કારણે અમે જોઈ શક્યા નહોતા. એક પછી એક મકાનો આવતાં ગયાં. અમે ગામની વચ્ચે આવીને ઊભા રહ્યા પણ હવે અત્યારે મળે કોણ? એક મકાનમાં અમને કંઈક અવાજ સંભળાયો. થોડો પ્રકાશ પણ દેખાયો. ચાર-પાંચ જણ બેઠા-બેઠા વાતો કરતા હતા. અવાજ કર્યો. બધા બહાર આવ્યા. એક બાલિકાના હાથમાં પ્રગટેલી સળી છે. જાણે નાનકડી મશાલ! અમે અમારી દાસ્તાન તેમની સમક્ષ રજૂ કરી અને રાત્રિનિવાસ માટે કોઈ સ્થાનની માગણી કરી. તેમણે અમને કહ્યું કે બાજુમાં જ શાળાનું મકાન છે. મકાન ખુલ્લું જ છે. અહીં મકાનને તાળું મારવાનો રિવાજ નથી. અમે શાળાના મકાનમાં પહોંચ્યા. બંને રૂમ ખુલ્લા અને ખાલી હતા. બંને રૂમની વચ્ચે સગડી પ્રગટાવવાની જગ્યા અને ચીમની હતાં.

અમે રૂમમાં દાખલ થયા. અમારા મોટા ભાગના સાથીઓ ધડાધડ સામાન નાખીને ચત્તાપાટ સૂઈ ગયા. કેટલાકે તો બૂટ કાઢવા જેટલી પણ ધીરજ ન રાખી. જાણે થાક હવે એક ઝપાટે ઊભરાઈ આવ્યો.

અમે સવારથી કંઈ ખાધું નથી. બધા જ થાકેલા અને ભૂખ્યા છીએ. આવતી કાલે સવારે અમારે પગપાળા યાત્રા કરવાની છે એટલે અત્યારે સૂતા પહેલાં પેટમાં કાંઈક જાય તે આવશ્યક છે પણ મોટા ભાગના સાથીઓની દશા એવી થઈ ગઈ છે કે તેમનામાં અત્યારે રસોઈ કરવાની ત્રેવડ પણ રહી નથી અને કાંઈ સૂઝબૂઝ પણ જણાતી નથી. ભૂખ કરતાં ઊંઘનું આક્રમણ પ્રબળ બની ગયું છે. અમારી સાથે મગની દાળ અને ચોખા છે, કૂકર છે. શાળાના ઓરડામાં ચૂલાની વ્યવસ્થા છે. શાળાના પ્રાંગણમાં સૂકા લાકડાનો ઢગલો પડેલો છે. અમારામાંથી બે- ત્રણ જણે હિંમત કરીને ઝડપભેર ચૂલો પેટાવ્યો અને કૂકર મૂકી દીધું.

નિશાળના આંગણામાં ઊભા રહી આકાશદર્શન કરી રહ્યો છું. આ ધ્રુવતારક, પેલી વૃશ્ચિક રાશિ–વીંછુડો, સામે

> હિમાલયમાં તેલુ નામનું એક ઝાડ થાય છે. આ ઝાડમાં તૈલી પદાર્થ પુષ્કળ પ્રમાણમાં હોય છે. આ ઝાડના લાકડાની નાની પાતળી સળીઓ બનાવીને ઘરમાં રાખે છે. આ તેલુની સળગતી સળી તે જ તેમનો દીવો છે. એક રીતે આ તેલુની નાનકડી સળગતી સળી તે મશાલ જ છે, નાનકડી મશાલ!

દેખાય તે હંસ પુચ્છ (ગાંધી તારક). પેલી સિંહ રાશિ - આમ એક પછી એક તારાઓને ઓળખી રહ્યો છું. ત્યાં પહાડ પાછળથી અચાનક જ મહારાજ શશાંકદેવ પ્રગટ્યા. અરે ભલા માણસ(!) હવે તમે આવ્યા! જ્યારે ખાસ જરૂર હતી ત્યારે તમે દેખાયા નહિ અને હવે અમે પહોંચી ગયા અને ત્યારે તમે આવ્યા! પણ ચાંદામામા તો ન બોલે કે ન ચાલે. અમારી સામે જોઈને મરક–મરક હસી રહ્યા છે. હું તેમની સાથે વિશેષ ગોષ્ઠિ કરું તેવામાં તો કૂકરની સીટી વાગી. અમે અંદર ગયા. ખીચડી પાકી ગઈ છે. બૂટ પણ કાઢ્યા વિના ધડાધડ સૂઈ ગયેલા સાથીઓને માંડ-માંડ જગાડ્યા. ખીચડી ખવડાવી. આગ્રહપૂર્વક બૂટ કાઢવા સમજાવ્યા. પેટમાં અન્ન ગયું અને જાણે ચૈતન્ય જાગ્રત થયું.

# વિશ્વનું પ્રથમ ઓમ મંદિર



## સંસ્કૃતિ દર્શન

સનત દવે

સનાતન ધર્મમાં ઓમ અને સ્વસ્તિકનું અધિકાધિક મહત્ત્વ છે. ઓમની મહત્તા અને મહત્ત્વત્તા દર્શાવતાં આપણા ધર્મગ્રંથોમાં ખૂબ જ સવિસ્તર વર્ણનો જોવા મળે છે. સામાન્ય રીતે ઓમને એકાક્ષરી મંત્ર તરીકે આપણે ઓળખતા હોઈએ છીએ પણ 'અ' 'ઉ' અને 'મ' ઉપરની માત્રા સાથે સાડા ત્રણ અક્ષરનો બનેલ ઓમ સનાતન ધર્મનું શ્રેષ્ઠ ધર્મ પ્રતીક ગણાય છે. પાઠ-પૂજન, અનુષ્ઠાન, હવન ઈત્યાદિ ધર્મકાર્યમાં બોલાતા મંત્ર, શ્લોક, પ્રાર્થનાની શરૂઆત આપણે હંમેશાં ઓમથી કરતા હોઈએ છીએ એટલે કે ઓમ મહામંત્ર સનાતન ધર્મનું અવિભાજ્ય અંગ છે.

'ઓમ' અને સ્વસ્તિક એટલા પ્રભાવી પ્રતીકો છે કે આપણા સ્થાપત્યોમાં કલા, સાહિત્ય અને સામાન્ય જીવનમાં શ્રેષ્ઠ સ્થાને રહ્યા છે. સ્વસ્તિક શબ્દ સુ+અસ્ ધાતુમાંથી બનેલો છે. સુ એટલે સારું, મંગલ, કલ્યાણકારી એવો અર્થ નીકળે છે જ્યારે અસ્ એટલે સત્તા, અસ્તિત્વ, માંગલ્ય અસ્તિત્ત્વ એવો અર્થ થાય છે. સ્વસ્તિકની ચારે દિશામાં ફેલાયેલી ભૂજાઓ ચારે દિશામાં કલ્યાણકારી વિકાસને દર્શાવે છે. સ્વસ્તિક એ જાગવું, સૂવું અને સ્વપ્ન જોવા સાથે ચેતનાની ચોથી અવસ્થાનું પ્રતીક છે. જીવનના ચાર ઉદ્દેશ્ય, ચાર યુગ અને ચાર વેદનું પ્રતીક સ્વસ્તિક ગણાય છે. ચાર પરિમાણીય ઘન પ્રતીક વૈદિક ગણિતમાં મહત્ત્વપૂર્ણ પૂરક છે. વિવિધ પ્રકારે ધર્મગ્રંથોમાં વિસ્તૃત વર્ણનો ધરાવતો સ્વસ્તિક આપણા પ્રવેશદ્વારે હંમેશ નજરે પડતો હોય છે. શુભપ્રસંગે, દિવાળીના તહેવારોમાં, ઉત્સવો કે ધર્મકાર્યો વખતે આંગણામાં સ્વસ્તિક ચિતરવાની એક પરંપરા છે. જો કે આજે પણ કેટલાક પરિવારો પ્રવેશદ્વાર પાસે સ્વસ્તિકનું પ્રતીક પ્રત્યેક પ્રભાતે દોરીને દિવસ શુભ મંગલમય બને એવી પ્રાર્થના કરતા હોય છે. જૈન ધર્મ અને બૌધ્ધધર્મમાં પણ વિવિધ નામે પવિત્ર પ્રતીક તરીકે મહત્ત્વતા ધરાવતાં સ્વસ્તિકનો આપણાં શિલ્પ-સ્થાપત્યોમાં પણ અનેક રીતે ઉપયોગ થયેલો જોવા મળે છે. ખ્રિસ્તીઓના ક્રોસમાંથી સ્વસ્તિક અસ્તિત્વમાં આવેલ છે એવું કથન જૂઠાણું જ હોય શકે કારણ કે ઈસુ 2000 પહેલાં થઈ ગયેલા અને વેદ-પુરાણ કાળનાં હજારો વર્ષોથી સ્વસ્તિક પવિત્ર પ્રતીક તરીકે અસ્તિત્વમાં છે.

સરમુખત્યાર ઘાતકી હિટલરની સેનાનું પ્રતીક હકેન ક્રેઝ કહેવાય છે જે બિલકુલ સ્વસ્તિક જેવું જ છે. 45 ડિગ્રીએ સ્વસ્તિક હોય તેવું બોલ્ડ સિમ્બોલ છે. જર્મનીઓ અભ્યાસ માટે ભારતમાં આવતા ત્યારે તેમની નજરમાં સ્તસ્તિક આવી જતાં હિટલરની સેનાએ લાલ કલરના ધ્વજમાં સફેદ સર્કલ વચ્ચે કાળો બોલ્ડ સ્વસ્તિક લગાવી જર્મનીનું રાષ્ટ્રચિહ્ન બનાવી દીધેલું અને ખરેખર એ ભારતમાંથી ચોરેલી કૃતિ હતી અને જેનો લાખો યહૂદીઓની કત્લેઆમ કરતી નાઝી હિટલરની સેનાએ દુરુપયોગ કર્યો હાતો. હિટલરના અંત પછી આ પ્રતીકના ઉપયોગ પર જર્મની સહિત યુરોપીય દેશોએ બેન મૂકેલો જેને લીધે સ્વસ્તિક પર પણ આપોઆપ બેન લાગી જતાં ચીન, જાપાન, મલેશિયા, નેપાળ, ભારત જેવા દેશોના સનાતની જૈન અને બૌધ્ધ લોકોના વિરોધ વચ્ચે બેન હટાવવો પડેલો.

US નેવીનું કેલિફોર્નિયા સ્થિત વિશાળ બિલ્ડીંગ સ્વસ્તિક આકારનું છે. સ્પેસ યાનોમાંથી લેવાયેલી અને કેટલીક એરિયલ તસવીર જોયા પછી યહૂદીઓએ એ નાઝી પ્રતીક જેવાં દેખાતાં બિલ્ડીંગોનો વિરોધ કરતા ત્યાંની સરકાર હવે બિલ્ડીંગોના આકારમાં ફેરફાર કરવા 6 લાખ ડોલર ખર્ચશે. ત્યારે સ્વાભાવિક છે કે આપણે જેને પવિત્ર પ્રતીક માનતા હોય તેને અન્ય ધર્મીઓ ના પણ સ્વીકારે. જ્યારે ભારતમાં સ્વસ્તિક આકારનું ગુરુકુળ અને સ્વસ્તિક આકારની હોસ્પિટલ કાર્યરત છે એ બહુ ઓછા લોકો જાણતા હશે. કર્ણાટકના બીજાપુર જિલ્લામાં આજે વિશાળ સ્વસ્તિક આકારની હોસ્પિટલ 1,74,240 સ્કે. ફૂટની જગ્યામાં કાર્યરત છે. મલ્ટીસ્પેશ્યાલિટી આ હોસ્પિટલ રાહત દરે ચાલે છે. સૌથી રસપ્રદ છે સ્વસ્તિક આકારમાં નિર્માણ પામેલ ગુરુકુળ, વિષ્ણુગુપ્ત વિશ્વવિદ્યાપીઠમના નામે ચાલતા આ ભવ્ય ગુરુકુળનું ધ્યેય એ જ છે કે આજના સમયે ભારતમાં અભ્યાસ ચાલે છે પણ અભ્યાસમાં ક્યાંય ભારત નથી દેખાતું તેથી ભારતીય ધર્મ, સંસ્કૃત, સંસ્કૃતિ અને પરંપરાઓનું જ્ઞાન એક જ છત નીચે મળે તેમ જ નવી પેઢીઓમાં ઈશ્વર પ્રત્યે, ગુરુ પ્રત્યે, દેશ પ્રત્યેની ભક્તિ સાથે આત્મનિર્ભરતા અને આત્મરક્ષણનું બળ મળે એવા ઉચ્ચ ધ્યેય સાથે આ વિદ્યાપીઠમાં નર્સરીથી લઈને Ph.D. સુધીના શિક્ષણનો પ્રબંધ છે. પારંપારિક રહેઠાણોમાં જમવા-રહેવાની સગવડો છે. અહીં સનાતની પારંપારિક અભ્યાસ સાથે ઉચ્ચ ટેકનોલોજીનું પણ શ્રેષ્ઠ જ્ઞાન અપાય છે. કર્ણાટકના નોર્થ કન્નડના ગોકર્ણા ખાતે આવેલ આ જ્ઞાનદાન કરતી ગુરુકુલ વિદ્યાપીઠની શક્ય હોય તો એક વાર જરૂર મુલાકાત કરજો.

આજે ઓમ અને સ્વસ્તિક જેવા સનાતની પવિત્ર પ્રતીકોની વાત કરીએ છીએ ત્યારે ઓમ આકારનું વિશ્વનું પ્રથમ વિશાળ મંદિર રાજસ્થાનના પાલી જિલ્લાના જાડન ગામ ખાતે બન્યું છે. 1995માં સાધુ-સંતોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયેલ આ મંદિરનું ગયા ફેબ્રુઆરીમાં લોકાપર્ણ થયું હતું. 270 એકરમાં બનાવાયેલ આ ચાર માળનું મંદિર વિશાળ 'ઓમ' આકારમાં નિર્માણ પામ્યું છે. 1200 જેટલા સ્થંભો સાથેનું આ મંદિર 108 કમરા અને વિશાળ પરિસર ધરાવે છે. મંદિરમાં શિવજીની 1008 મૂર્તિઓ સાથે 12 જ્યોતિર્લિંગ પ્રસ્થાપિત છે. સપ્તઋષિઓની પ્રતિમાઓ સાથે અલખપુરી સિધ્ધપીઠ પરંપરાના પીઠાધિશ્વર મહામંડલેશ્વર મહેશ્વરાનંદજી મહારાજે તેમના ગુરુ માધવાનંદજીની સમાધિ પણ પરિસરના કેન્દ્રમાં બનાવી છે. મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આ ફક્ત મંદિર નથી પણ એક ભવ્ય જ્ઞાનપીઠ છે. અહીં શ્રી માધવાનંદ યોગા વિશ્વવિદ્યાલય છે તો સ્કૂલ અને કોલેજ સુધીના અભ્યાસ માટેનું ગુરુકુળ પણ છે. જ્યાં ઋષિકુમારોને મતલબ ભણતાં અભ્યાસુઓને માટે રહેવા-જમવા સાથેની સગવડ છે. જેઓ અભ્યાસ સાથે ધર્મ, સંસ્કૃત અને સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરશે. 135 ફૂટની ઊંચાઈ ધરાવતી શિવમંદિરની આ ઈમારતને 'ઓમ'ના આકારે નિર્માણ કરતાં 28 વર્ષ થયાં હતાં. રાજસ્થાનના પ્રવાસે જાવ તો તમારા ફરવાના સ્થળની યાદીમાં આ એક ભવ્ય તીર્થધામને ઉમેરવાનું ભૂલતા નહીં

> ઓમ આકારનું વિશ્વનું પ્રથમ વિશાળ મંદિર રાજસ્થાનના પાલી જિલ્લાના જાડન ગામ ખાતે બન્યું છે. 1995માં સાધુ-સંતોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયેલ આ મંદિરનું ગયા ફેબ્રુઆરીમાં લોકાપર્ણ થયું હતું. 270 એકરમાં બનાવાયેલ આ ચાર માળનું મંદિર વિશાળ 'ઓમ' આકારમાં નિર્માણ પામ્યું છે










# સૃષ્ટિના સ્ત્રષ્ટાઃ પુરુષ અને પ્રકૃતિ

- તપન ત્રિવેદી



> પુરુષ અને પ્રકૃતિ, સ્ત્રી અને પુરુષ આ સંસારનું સર્જન કરે છે. આ સૃષ્ટિના સંચાલનમાં પોતાનું યોગદાન આપે છે. એ યોગદાન દ્વારા તે ઇશ્વરની દિવ્ય સત્તાનો, શક્તિનો સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને તેનું અનુસરણ કરે છે. આથી સ્ત્રી અને પુરુષ સંસારરથનાં બે ચક્રો છે

પુરુષ અને પ્રકૃતિએ આ જગતનું સર્જન કર્યું છે. પ્રકૃતિ એમ કહીએ ત્યારે સાગર, સરિતા, ઝરણાં, વૃક્ષો, વેલીઓ, આકાશ, અવનિ, વાયુ, જળ વગેરેનો માનસપટ પર આવિષ્કાર થાય છે અને અસ્તિત્વ આનંદથી ઉભરાઇ જાય છે. ઊંડી શાંતિનો અનુભવ થાય છે. આથી જ કદાચ કેટલાક જીવાત્માઓ પ્રકૃતિને ખોળે જઇ આરાધના કરવાનું પસંદ કરતા હશે. પણ એ દ્વારા વાત પ્રકૃતિના પ્રભાવની કરવી છે. એટલે જગતના જીવ માત્રના જન્મદાતા પુરુષ અને પ્રકૃતિ જ છે. પુરુષ અને પ્રકૃતિ એટલે શિવ અને શક્તિ સ્વયં.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છેઃ 'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ આ જગતમાં જીવ માત્ર મારો જ અંશ છે.' જીવનું સર્જન કરવા પ્રકૃતિએ માતાનો આશ્રય લીધો છે. આ જગતમાં આવીને જીવ પ્રથમ માતા-પિતાનો ઋણી બને છે અને એ સાથે જ પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિનો ઋણી બને છે. એટલે પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિ આપણાં આધ્યાત્મિક માતા-પિતા છે.

જીવ માત્ર માટે માતા-પિતા જ ઈશ્વર છે. એટલું જ નહિ, જીવ માત્ર માટે ઈશ્વરની આરાધના અનિવાર્ય છે. આ ઈશ્વર એટલે શિવ અને શક્તિ સ્વયં. આરાધનામાં આ બે સ્વરૂપ પ્રથમ દૃષ્ટિએ સ્વીકાર્ય બને છે. સ્વીકાર કરવો જોઈએ. પણ એથીયે વિશેષ અનિવાર્યતા માતા-પિતાની ભક્તિની, સેવાની છે. આધ્યાત્મિકતામાં, ઉપાસનામાં પદાર્પણ કરવા ઈચ્છતાં માનવીએ આ હકીકત ધ્યાનમાં રાખવી જોઈએ એમ મારું માનવું છે.

પુરુષ અને પ્રકૃતિ, સ્ત્રી અને પુરુષ આ સંસારનું સર્જન કરે છે. આ સૃષ્ટિના સંચાલનમાં પોતાનું યોગદાન આપે છે. એ યોગદાન દ્વારા તે ઈશ્વરની દિવ્ય સત્તાનો, શક્તિનો સ્વીકાર કરે છે. સ્વીકાર કરીને તેનું અનુસરણ કરે છે. આથી સ્ત્રી અને પુરુષ સંસારરથનાં બે ચક્રો છે. પણ આ સંસારરથને જેમણે ગતિશીલ બનાવ્યો એ પુરુષ અને પ્રકૃતિનું તે અભિવાદન કરે છે. આ સંસાર ઈશ્વરનું જ સર્જન છે એટલે એ સંસારનો સ્વીકાર દરેક વ્યક્તિએ, સ્ત્રી અને પુરુષે કરવો પડે છે, કરવો જરૂરી છે. વાત આટલેથી જ અટકતી નથી. એ સંસારમાં આધ્યાત્મિક અભિગમ અને ઈશ્વરીય સત્તાનો સ્વીકાર કરી એનું અનુસરણ કરવું પડે છે અને ક્રમશઃ એ સંસારને સાંસારિક-લૌકિક ભૂમિકાઓથી આધ્યાત્મિક ઊંચાઈએ લઈ જવાની દરેક વ્યક્તિની પવિત્ર ફરજ બને છે.

એટલું જ નહીં, ઈશ્વરની આરાધના દ્વારા ઈશ્વર સાથે આત્મિક અનુસંધાન સાધવું એ જીવ માત્રની ફરજ બને છે. કર્તવ્ય બને છે. કારણ કે જે દિવ્ય, પરમ અને અલૌકિક તત્ત્વમાંથી જીવ આ અવનિ પર આવ્યો છે તેની સાથે જોડાયેલા રહેવાનું જીવનું કર્તવ્ય બને છે. આ રીતે આમ જોડાયેલાં રહેવાથી જીવ પોતાના જીવનની, સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી સરળતાથી પસાર થઈ જાય છે. એમાંથી પસાર થવાની તેને પ્રેરણા અને શક્તિ મળે છે. એ પ્રેરણા અને શક્તિ પણ ઈશ્વર પ્રેરિત જ હોય છે એ નિઃશંક છે.

એટલે સામાન્ય મનુષ્યે, સામાન્ય ઉપાસકે બીજી કોઈ પળોજણમાં પડવા કરતાં જીવનમાં, સંસારમાં સહજ ભાવે શિવ શક્તિની ઉપાસનાના ક્રમને નિજી અનુકૂળતા પ્રમાણે સ્વીકારી લેવો જરૂરી છે એમ હું સમજું છું.

શિવ અને શક્તિનું સામંજસ્ય કેવું છે તે સમજવું રસપ્રદ થઈ પડશે. સંસ્કૃત સાહિત્યના મહાકવિ કાલિદાસના મહાકાવ્ય 'રઘુવંશ'ના પ્રથમ સર્ગમાં એક શ્લોક છે તે પુરુષ અને પ્રકૃતિ, શિવ અને શક્તિના સામંજસ્યને સ્પષ્ટ કરે છે. એ શ્લોક આ પ્રમાણે છેઃ

'વાગર્થાવિવ સમ્પૃક્તૌ વાગર્થ પ્રતિપત્તયે
જગતઃ પિતરૌ વન્દે પાર્વતી પરમેશ્વરૌ'

આનો ભાવાર્થ એવો છે કે શિવ અને શક્તિ શબ્દ અને અર્થની જેમ એકમેકમાં સમાયેલાં છે. એકરૂપ છે. એવા આ સંસારનાં માતા-પિતા પાર્વતી અને શંકરને હું વદન કરું છું. મહાકવિ કાલિદાસ મહાકાવ્યના પ્રારંભે આ પ્રમાણે માતા પાર્વતી અને શંકરને વંદન કરે છે. શ્લોકનું પ્રથમ ચરણ મને અંગત રીતે ખૂબ ગમે છે. તેમણે 'વાગર્થાવિવ સમ્પૃક્તૌ' શબ્દનો વિનિયોગ કર્યો છે. શબ્દ અને અર્થની જેમ એકમેકમાં સમાયેલાં કહેવા પાછળ, મારી સમજ પ્રમાણે, કવિ કાલિદાસ મા પાર્વતી અને ભગવાન શંકરના સાયુજયને સમજાવતાં સમજાવતાં એમની સાથે મા સરસ્વતીને પ્રણામ કરે છે. તેમની શબ્દરચના મારા મનમાં આ પ્રકારની અર્થછાયા પાથરે છે. જાણે કવિ કાલિદાસ કલમ લઈને મહાકાવ્યની રચના કરવા બેસે છે ત્યારે મા પાર્વતી અને ભગવાન શંકરની સાથે સાથે મા સરસ્વતીને પણ પ્રણામ કરે છે, કરતા હશે એવું હું સમજું છું. 'સમ્પૃક્તૌ' શબ્દ મા પાર્વતી અને ભગવાન શંકરની સાથે સાથે મા સરસ્વતી પણ સમાયેલાં છે. કહો કે મા પાર્વતી મા સરસ્વતીનું પણ રૂપ છે એમ સમજીને તેમણે પ્રથમ ચરણની રચના કરી હશે એમ હું સમજું છું.

અહીં અર્ધનારીશ્વરના રૂપની પણ કલ્પના સમાયેલી છે. શિવ અને શક્તિનું એકમેક પ્રત્યેનું સમર્પણ પણ એમાં વ્યક્ત થાય છે.

આ પુરુષ અને પ્રકૃતિએ જ આ સૃષ્ટિના સંચાલનમાં સ્ત્રી અને પુરુષનું સર્જન કર્યું છે. તેઓ બંને દેહ અને આત્માથી એકમેક સાથે એકરૂપ છે. અહીં સામાજિક રીતે, સાંસારિક રીતે, વિચારીએ તો ભારતીય સમાજની લગ્નપરંપરાને પણ સુપેરે સમજવા પ્રેરે છે. જ્યારે સ્ત્રી અને પુરુષ લગ્નગ્રંથિથી જોડાય છે ત્યારે તેઓ દેહ અને આત્માથી પણ જોડાય છે. એટલે સમયાંતરે આ સંસાર આધ્યાત્મિક ઊંચાઈને આંબે છે. દેહ દ્વારા દેવત્વને સંસાર દ્વારા સાક્ષાત્કારને પામે છે. સાંપ્રત સમયમાં સામાજિક, કૌટુંબિક પરિવેશના પરિપ્રેક્ષ્યમાં વિચારીએ તો માતા-પિતાની સેવા અનિવાર્ય છે. વ્યક્તિ દેવદર્શને નહિ જાય, માળા લઈને નહિ બેસે તો ચાલશે, પણ માતા-પિતા પ્રત્યેની ફરજ કોઈ પણ સંજોગોમાં નહીં ચૂકે એ આજના સમયની તાતી માંગ છે.